
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આપણા પક્ષે સત્તા સંભાળી લીધી છે, માટે આપણે પ્રથમ કામ મહિલા માટે સુરક્ષા વધારવાનું રહેશે...!!

# બાળકનો જીવ બચાવવા અપાર સંવેદના દર્શાવતા મુખ્યમંત્રી

### મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આણંદના પંડોળી ગામના આઠ વર્ષિય બાળકનો જીવ બચાવવા જાતે હોસ્પિટલમાં ફોન કરી સંવેદનશીલતા દાખવી

ગાંધીનગર, તા. ૧

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અપાર લાગણી ધરાવતા સંવેદનશીલ વ્યક્તિ છે. આપત્તિ કે વિપદામાં મુકાયેલા કોઈપણ ગુજરાતીની પડખે તેઓ હંમેશા ઉભા રહેવાની તત્પરતા દાખવે છે. તેમના સંવેદનશીલ હૃદયનો પરચો આણંદના પંડોળી ગામના શ્રમજીવી પરિવારને મળ્યો છે. આ પરિવારના આઠ વર્ષના બાળકને અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સારવારના ખર્ચ અંગેની અપીલ સોશ્યલ મીડિયામાં વહેતી થતાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જાતે હોસ્પિટલમાં ફોન કરી ખર્ચની ચિંતા કર્યા વગર આ બાળકની સારામાં સારી સારવાર કરવાનુ કહેતા શ્રમજીવી પરિવારના માથેથી મોટો બોજ ઉતરી ગયો છે.

આણંદના પંડોળી ગામના આઠ વર્ષના હિતેન સોલંકીને અકસ્માતે માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. કૃષ્ણા હોસ્પિટલ કરમસદમાં સારવાર હેઠળ આ ગરીબ બાળકની સારવારનો મોટો ખર્ચ તેનો દરિદ્ર પરિવાર ઉઠાવી શકે તેમ ન હતો. માસૂમ જીંદગીનો સવાલ હતો. એવે વખતે સારવારના ખર્ચ માટે મદદની સોશીયલ મીડિયામાં અપીલ કરવામાં આવી અને રવિવારે સવારે મુખ્યમંત્રીનો પરીવાર પર ફોન આવ્યો ''ખર્ચની ચિંતા ન કરશો, હિતેનની સારામાં સારી સારવાર કરો.'' ગરીબ પરિવારજનોની આંખો અશ્રુભીની થઈ, હોસ્પિટલમાં પણ સારવારનો ઉત્સાહ વ્યાપી ગયો.

પેટલાદ તાલુકાના પંડોળી ગામના દિનેશભાઈ સોલંકીના પુત્ર હિતેનને હવે આજ હોસ્પિટલમાં સારામાં સારી આગળની સારવાર મળશે અને તેને નવજીવન મળશે એવો આશાવાદ સૌ વ્યક્ત કરી રહ્યા છે.



પંડોળી ગામે પણ પોતાના ગામના દીકરાની સારવાર માટે રાજ્યના મુખ્યમંત્રી દ્વારા લેવામાં આવેલી કાળજીની વાત સાંભળીને ગ્રામજનો પણ લાગણીસભર બન્યા હતા.

મુખ્યમંત્રીએ આજે રવિવારે સવારે અચાનક જ કૃષ્ણા હોસ્પિટલમાં ટેલિફોન કરીને હોસ્પિટલના સંચાલક સંદિપ દેસાઈ સાથે ગરીબ પરિવારના દીકરા હિતેન સોલંકીની સારવાર અંગેની વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કૃષ્ણા હોસ્પિટલ કરમસદના સી.ઈ.ઓ.ને દીકરા હિતેનને જરૂરી તમામ સારવાર આપવા અને સારામાં સારી સારવાર આપવા કહ્યું હતું. અને જલ્દી સ્વસ્થ થાય તે માટેના તમામ પ્રયાસો કરવા પણ અનુરોધ સાથે સમગ્ર સારવારનો ખર્ચ રાજ્ય સરકાર તરફથી કરાશે.

રૂપાણીની લાગણી અને ગરીબના દીકરાની સારવાર પૈસા વગર અટકે નહીં તે માટે તુરંત ફોન કરી ગરીબ પરિવારને મોટી હૂફ મળી હતી અને હોસ્પિટલમાં તબીબો અને સેવા કર્મીઓમાં પણ સારવારનો ઉત્સાહ વધ્યો હતો.

જ્યારે દીકરાના પિતા અને માતાને હોસ્પિટલમાં ખબર પડી કે પોતાના દીકરાની સારવાર માટેનો તમામ ખર્ચ સરકાર તરફથી થશે અને આ માટે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા હોસ્પિટલના સંચાલકોને ફોન પણ કરાયો ત્યારે પરિવારજનો બે હાથ જોડી અશ્રુભીની આંખે ભાવ પ્રગટ કર્યો હતો. તેઓ પાસે શબ્દ ન હતા. મુખ્યમંત્રીના હોસ્પિટલ ઉપરના ફોન બાદ કલેકટર દિલીપ રાણાએ પણ હોસ્પિટલ સાથે વાત કરી હતી અને જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એમ.ટી. છારીને હોસ્પિટલ ખાતે મોકલીને હિતેન સોલંકીની સારવાર અને વ્યવસ્થા સંદર્ભે જરૂરી કાળજી લેવા કરેલી તાકીદ મુજબ ડો. છારી હોસ્પિટલ ખાતે હાજર રહ્યા હતા.




શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨૩ ખાતે વચનામૃત જ્ઞાનવર્ષા મહોત્સવનાં ઉપલક્ષમાં પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની પ્રેરણાથી તથા શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજીનાં માર્ગદર્શન હેઠળ ''વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ''નું આયોજન થયું હતું. જેમાં, ગાંધીનગરનાં નિષ્ણાત ડો. શ્રી ભૌમિકભાઈ રાવલ (એમ. એસ. ઓપ્થલ) દ્વારા ૧૭૫ દર્દીઓને વિના મૂલ્યે તપાસ, યોગ્ય સારવાર તથા જરૂરી દવા તેમજ ચશ્માનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું. મંદિર દ્વારા થતી આવી બહુ વિધ સામાજીક સેવાઓ ખૂબજ સરાહનિય છે.

## ગાંધીનગર જિલ્લાના પુન્દ્રાસણ ખાતે સેવાસેતુ અંતર્ગત કાનૂની-સહાય-સલાહ શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં સેવાસેતુ પાંચમા તબક્કાના કાર્યક્રમ અંતર્ગત પુન્દ્રાસણ ખાતે ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા એક ખાસ કાનૂની સહાય-સલાહ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં પેરાલીગલ વૉલન્ટીયર સુધીરભાઈ દેસાઈ અને મધુસુદનભાઈ જોશી તથા પેનલ એડવોકેટ અમૃતભાઈ પરમાર દ્વારા સેવાસેતુનો લાભ લેવા ઉપસ્થિત લાભાર્થીઓને કાનૂની સહાય તથા મીડીએશન-મધ્યસ્થીકરણની જાણકારી આપતાં સાહિત્ય પત્રિકાનું વિતરણ કરી જરૂરિયાતમંદ લાભાર્થીઓને મફત કાનૂની સહાય તથા કોર્ટમાં ચાલતા અમુક કેસોનું કોર્ટ બહાર પણ કાયદેસરના સમાધાન થઈ શકે તે અંગેની વિસ્તૃત સમજ પુરી પાડવામાં આવી હતી.

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના સચિવ અને સિનિયર જજ રાઠોડસાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયેલ શિબિરમાં લાભાર્થીઓને માહિતીનુ આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત સ્થળની ખાસ મુલાકાત જિલ્લાના પ્રાંત અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીએ મુલાકાત લઈ સમગ્ર જાણકારી પ્રાપ્ત કરી હતી.




**આહીર શૌર્ય દિવસે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડનું પ્રમાણપત્ર એનાયત**

રાજકોટ ખાતે યોજાયેલા આહીર શૌર્ય દિવસની ઉજવણીમાં વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારત સરકારના કેન્દ્રિયમંત્રી રાવ ઈન્દ્રજીતસિંહ, સાંસદો પૂનમબેન માડમ, રમેશભાઈ ધડક, રંજનબેન ભટ્ટ તથા ગુજરાત સરકારના મંત્રીઓ વાસણભાઈ આહીર, જવાહર ચાવડા અને ધારાસભ્યો ભગવાનભાઈ બારડ, અમરીશભાઈ ડેર ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત અલીશાખાન, શૈલેષભાઈ બારડ, હસમુખભાઈ સોજીત્રા સહિતના સમાજસેવકો શ્વેત વસ્ત્રોમાં મોટી સંખ્યામાં કાર્યકરો સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શૈલેષભાઈ સોટ્ટા તથા અગ્રણી અમિત ઠાકર, વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના પ્રદેશ પ્રમુખ અશ્વિન ત્રિવેદી તેમજ અગ્રણીઓ મહેન્દ્ર ગુપ્તા, દિવ્યાંગ ગાંધી વગેરેએ શુભેચ્છા પાઠવી હતી.

## જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા અવેરનેસ કાર્યક્રમ યોજાયો

જિલ્લા બાળ સુરક્ષા એકમ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં નિયુક્ત થયેલ ચાઈલ્ડ વેલફેર પોલીસ અધિકારીઓ, બાળ કલ્યાણ સમિતિ દ્વારા નિયુક્ત થયેલ સપોર્ટ પર્સન, પેરાલીગલ વૉલન્ટીયર્સ, પેનલ એડવોકેટો માટે ''બાળકોના જાતીય શોષણ સામે રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ તથા કાયદા હેઠળ બનેલ સપોર્ટ પર્સનની ગાઈડલાઈન વિષય પર તાજેતરમાં એક દિવસીય ઓરીએન્ટેશન અવેરનેશ પ્રોગ્રામ જિલ્લા ન્યાયાલયના કોન્ફરન્સ હોલ સેક્ટર-૧૧ ગાંધીનગર ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના સેક્રેટરી તથા જિલ્લા બાળ સુરક્ષા એકમના અધિકારીએ વિષયવસ્તુને અનુરૂપ કાયદાઓ, નિયમો હાઈકોર્ટ, સુપ્રિમકોર્ટના ચુકાદાઓ તથા સપોર્ટ પર્સન માટેની નાલસાની ગાઈડલાઈન વિશે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.



## યુવતિના ફોટા વાઈરલ કરવાની ધમકી આપતા યુવક સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧

હાલના સમયે ભોળી છોકરીઓને કેટલાક યુવકો પ્રેમજાળમાં ફસાવીને ગણ્યાં-ગાંઠ્યા અસામાજીક તત્વો તેમના ખાનગી ફોટા મોબાઈલમાં પાડીને રાખે છે અને ત્યારપછી તે વાઈરલ કરી દેવાની ધમકી આપી યુવતિઓને હેરાન પરેશાન કરતા નજરે પડે છે. ત્યારે આ પ્રકારના બનાવો ઘણીવાર સામે આવે છે. ત્યારે ગાંધીનગર શહેરી વિસ્તાર નજીક રહેતી યુવતિ પણ આ જ પ્રકારે યુવકના ષડયંત્રનો ભોગ બની છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ એક વર્ષ અગાઉ યુવતિના ઘરે લગ્નનો માહોલ હતો ત્યારે ડેકોરેશનના કામઅર્થે સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના એક ગામનો યુવાન આવ્યો હતો. ત્યારબાદ એક માસ બાદ યુવતિને યુવકે ફોન કરીને પોતાની ઓળખ આપી હતી. ત્યાબાદ અવારનવાર સંપર્ક કરીને તેણીને પ્રેમજાળમાં ફસાવી હતી. યુવાન પોતે આર્મીમાં હોવાનું જણાવીને અપરિણિત હોવાનું કહેતો હતો.યુવતિના પિતા સૌરાષ્ટ્રમાં ફરજ બજાવતા હોવાથી તે યુવતિ ત્યાં રહેતી હોવાથી યુવક ત્યાં પણ મળવા માટે જતો હતો. આ યુવતિને લગ્નની લાલચ આપીને સતત સંપર્ક જાળવી રાખ્યો હતો અને યુવતિને મોબાઈલ પણ લઈ આપ્યો હતો.

જો કે એક દિવસ આ યુવતિના ઘરે એક મહિલા આવી હતી અને પોતે આ યુવકની પત્ની હોવાનું જણાવ્યું હતું. તેમજ યુવકથી બે સંતાનો હોવાની પણ વાત કરી હતી. જેથી યુવતિએ આ મામલે યુવકને જાણ કરતા તેણે સંબંધ તોડી નાંખશે તો તેના અંગત ફોટા વાઈરલ કરી દેવાની અને તેના પિતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. દરમિયાન થોડા દિવસ અગાઉ યુવકે યુ-ટયુબમાં તેના વિડીયો અપલોડ કર્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી યુવતિએ આ અંગે પેથાપુર પોલીસ મથકે યુવક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


# રાજ્યની બ્યુરોક્રેસીના સુપ્રીમો અનિલ મુકિમ કે જેમના ટેબલ પર ફાઈલ પડી રહેતી નથી




ગુજરાતના નાણા વિભાગને નવો ઓપ આપી રહ્યાં હતા ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૮માં જેમને દિલ્હી બોલાવી લીધા હતા તે ૧૯૮૫ બેચના આઈએએસ અધિકારી અનિલ મુકિમ કેન્દ્રમાં માઈન્સ ડિપાર્ટમેન્ટ છોડીને ગુજરાત પાછા આવ્યા છે. સચિવાલયના સૂત્રો કહે છે કે નરેન્દ્ર મોદીએ જ તેમને ગુજરાતમાં મોકલ્યા છે. તેઓ અહીંથી દિલ્હી ગયા હતા ત્યારે તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે હવે મારી વયનિવૃત્તિ દિલ્હીમાં થશે પરંતુ સંજોગો બદલાઈ ગયા અને અનિલ મુકિમને ચીફ સેક્રેટરી પદે પાછા આવવું પડ્યું છે. ગુજરાતમાં બહુ ઓછા અધિકારીઓ છે કે જેમના ટેબલ પર એકપણ ફાઈલ પેન્ડીંગ પડી રહેતી નથી. મુકિમ પણ આ પ્રકારના અધિકારીઓની ટીમમાં આવે છે. સ્વચ્છ પ્રતિભા ધરાવતા અનિલ મુકિમ ઓગષ્ટ ૨૦૨૦માં વયનિવૃત્ત થશે પરંતુ તેમને મળેલા સમયગાળામાં ગુજરાતના

## CM બદલાય છે તેવી અટકળો દર છ મહિને આવે છે અને તેઓ મજબૂત થાય છે

વિકાસનો આકાર બદલાશે તે નિશ્ચિત છે. તેમણે મેનેજમેન્ટ સાથે એમકોમ અને એલએલબી કર્યું છે. મુકિમે સ્કૂલ, કોલેજ અને



યુનિવર્સિટીનું શિક્ષણ પણ નેટીવ પ્લેસ અમદાવાદથી જ લીધું છે. તેઓ રાજ્યના ૨૯મા ચીફ સેક્રેટરી બન્યા છે. સપ્ટેમ્બર ૨૦૦૧માં નરેન્દ્ર મોદી પહેલીવાર મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમના કાર્યાલયમાં પ્રથમ સચિવ તરીકે અનિલ મુકિમની નિયુક્તિ કરવામાં આવી હતી. વિવિધ વિભાગોમાં તેમની સાથે કામ કરનારા અધિકારીઓ કાયમ કહે છે કે તેમના ટેબલ પર કોઈ ફાઈલ પેન્ડીંગ રહેતી નથી. તેઓ તેનો ત્વરીત નિકાલ કરી દેતા હોય છે.

**● ગુજરાતના વધુ એક નેતા રાજ્યપાલ બનશે...**

વર્ષોથી ચાલતી આવતી પ્રણાલિકા છે કે કેન્દ્રમાં જે પાર્ટીની સરકાર હોય તે પાર્ટીના સિનિયર નેતાઓ રાજ્યપાલ બનતા હોય છે. કોંગ્રેસની સરકારોમાં પણ લોકોએ જોયું છે કે કોંગ્રેસના સિનિયર નેતાઓ રાજ્યપાલ બનેલા છે. હવે કેન્દ્રમાં એનડીએની સરકાર હોવાથી ભાજપના સિનિયર નેતાઓ રાજ્યપાલ બની રહ્યાં છે. ગુજરાતના વધુ એક નેતા કોઈ રાજ્યના રાજ્યપાલ બને તેવી સંભાવના તેજ બની છે. આ નેતા કોણ છે તેની અટકળો સચિવાલયમાં વહેતી થઈ છે. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના બે સિનિયર નેતાઓને દેશના રાજ્યોમાં રાજ્યપાલ બનવાના ચાન્સ આપેલા છે. છેલ્લે ભાજપના સિનિયર નેતા આનંદીબહેન પટેલે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દેતાં તેમને ૨૩મી જાન્યુઆરી ૨૦૧૮માં મધ્યપ્રદેશના રાજ્યપાલ બનાવવામાં આવ્યા હતા. હવે તેઓ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ છે. તેમના પહેલાં રાજ્યમાં નાણામંત્રી તરીકે સૌથી વધુ સમય રહેલા અને એક સમયના મુખ્યમંત્રીના દાવેદાર વજુભાઈ વાળાને પણ ૧લી સપ્ટેમ્બર ૨૦૧૪માં કર્ણાટક રાજ્યના રાજ્યપાલ બનાવી દેવામાં આવ્યા હતા. ગુજરાતમાં તેમણે ૧૮ વખત બજેટ અને લેખાનુદાન પસાર કર્યા હોવાનો રેકોર્ડ છે. હવે ગુજરાત ભાજપના ત્રીજા કોઈ સિનિયર નેતા રાજ્યપાલ બની રહ્યાં છે.

**● ભાજપને રાજ્યસભા ચૂંટણીમાં ફટકો પડશે...**

ગુજરાતમાં રાજ્યસભાની કુલ ૧૧ બેઠકો પૈકી અત્યારે ભાજપ પાસે સાત અને કોંગ્રેસ પાસે ચાર સભ્યો છે. એપ્રિલ ૨૦૨૦માં ભાજપના ત્રણ અને કોંગ્રેસના એક સભ્ય વયનિવૃત્ત થઈ રહ્યાં છે જે

## ગુજરાતની યંગ બ્યુરોક્રેસીમાં ૨૫ વર્ષની સૌથી નાની ઉંમરના ચાર ઓફિસરો છે

તમામ નો રિપીટ થિયરીમાં આવી શકે છે. ભાજપમાંથી ચીનુભાઈ ગોહિલ, લાલસિંહ વડોદિયા અને શંભુપ્રસાદ ટુંડિયા તેમનો છ વર્ષનો સમયગાળો પૂર્ણ કરી નિવૃત્ત થવાના છે, જ્યારે કોંગ્રેસમાંથી મધુસુદન મિસ્ત્રી પણ નિવૃત્ત થાય છે. રાજ્ય વિધાનસભામાં સંખ્યાબળ જોતાં વિપક્ષ પાસે ૭૧ સભ્યો છે તેથી કોંગ્રેસને બે બેઠકો મળી શકે છે. ભાજપ ત્રણ પૈકી માત્ર બે બેઠકો જીતી શકે છે, એટલે કે ભાજપને એક બેઠકનું મોટુ નુકશાન થવાનું છે. છેલ્લી બે ચૂંટણીથી રાજ્યસભાની ચૂંટણી ગુજરાતમાં રસપ્રદ બનતી જાય છે તેમ એપ્રિલમાં આવનારી રાજ્યસભાની ચાર બેઠકોની ચૂંટણી પણ રસપ્રદ બની શકે છે. લોકસભાની ૨૬ બેઠકો પૈકી કોંગ્રેસ પાસે એકપણ બેઠક નથી પરંતુ રાજ્યસભામાં તેના ચાર સભ્યો છે જે આવતા વર્ષે વધીને પાંચ થશે. અત્યારે મધુસુદન મિસ્ત્રી ઉપરાંત અહમદ પટેલ, અમી યાજ્ઞિક અને નારણ રાઠવા સભ્ય છે. રાજ્યસભામાં સૌથી વધુ પાંચ વખત જવાનો રેકોર્ડ કોંગ્રેસના એકમાત્ર અહમદ પટેલનો છે.

**● ગુજરાતના ચાર ઓફિસરો ૨૫ વર્ષના છે...**


ગુજરાત કેડરના ચાર આઈએએસ ઓફિસરોની ઉંમર માત્ર ૨૫ વર્ષની છે. યંગ બ્યુરોક્રેસીના પ્રવેશ પછી આટલી નાની ઉંમર હોય તેવા આ ચાર ઓફિસરોમાં રાજસ્થાનના બાડમેરના વતની અને ગુજરાત કેડરના ૨૦૧૭ની બેચના અધિકારી ગંગાસિંહ બીએસસી, એમએ (હિન્દી લિટરેચર) થયેલા છે. બીજાક્રમે ૨૦૧૭ની બેચના ગૌર્વ દિનેશ રમેશ છે જેઓ મહારાષ્ટ્રના પૂણે નિવાસી છે અને તેઓ બીટેક થયેલા છે. ત્રીજા આઈએએસ શિવાની ગોહિલ છે કે જેઓ દિલ્હીના નિવાસી છે અને ૨૦૧૮ની બેચના છે. ૨૦૧૮ની ગુજરાત બેચના ચોથા અધિકારી અંકિત પન્નું છે, તેઓ પણ દિલ્હી નિવાસી છે. આ ચારેય અધિકારીઓનો જન્મ ૧૯૯૪માં થયો છે અને ગુજરાતની યંગ બ્યુરોક્રેસીમાં સૌથી નાની ઉંમરના આઈએએસ અધિકારીઓ છે.

## રાજ્યસભાની ૨૦૨૦ની ચૂંટણીમાં કોંગ્રેસને એક બેઠકનો ફાયદો, પાંચ સભ્યો થશે

**● અફવાથી વિજય રૂપાણી મજબૂત બને છે...**

ગુજરાત ભાજપમાં નવો બદલાવ આવી રહ્યો છે. અત્યારે કોઈ ચૂંટણી નથી પરંતુ સંગઠનમાં હોદ્દેદારો બદલાઈ રહ્યાં છે. સરકારમાં પણ થોડી ઉથલ-પાથલના સંકેત મળી રહ્યાં છે. સચિવાલયમાં તો ફરી એકવાર એવી અફવાએ જોર પકડ્યું છે કે મુખ્યમંત્રી વિજય રૂપાણી બદલાય છે પરંતુ ફરીવાર એ જ નામો સામે આવે છે જે અગાઉ પણ આવ્યા છે. રાજ્યમાં જ્યારથી વિજય રૂપાણીએ સત્તાના સુકાન સંભાળ્યા છે ત્યારથી પ્રત્યેક છ મહિને ''મુખ્યમંત્રી બદલાય છેપ'' તેવી અટકળો તેજ બને છે, પરંતુ જેટલી અટકળો વહેતી થાય છે તેટલા તેઓ વધારે મજબૂત બનતા જાય છે. પેટાચૂંટણીના પરિણામો એવાં ખરાબ નથી કે જેનાથી મુખ્યમંત્રી બદલી શકાય, કેમ કે છ બેઠકોમાંથી ત્રણ બેઠકો તો ભાજપે મેળવી છે. હવે એવા દિવસો તો નથી કે ચૂંટણીમાં ભાજપને ૧૦૦ પરસન્ટ બેઠકો મળે, કેમ કે ગુજરાતના મોદી હવે દિલ્હીમાં છે. તેમની ગેરહાજરીમાં તેમના કરિશ્માની થોડી અસર ગુજરાતમાં પડે તે સ્વાભાવિક છે. સરકારમાં કેબિનેટનો વિસ્તાર ૨૦૨૦માં નિશ્ચિત બન્યો છે પરંતુ મુખ્યમંત્રી બદલાય છે તે વાતમાં તથ્ય જોવા મળતું નથી. જો કે ભાજપના સંગઠનમાં બહુ મોટા બદલાવ આવી રહ્યાં છે. ડિસેમ્બર મહિનામાં પાર્ટીના તમામ હોદ્દેદારો બદલાઈ જશે.

**● ગુજરાતમાં વસતી કરતાં મોબાઇલ વધુ છે...**



ગુજરાતમાં એક મોટું આશ્ચર્ય એવું છે કે રાજ્યની વસતી કરતાં મોબાઈલ ધારકોની સંખ્યા વધારે છે. આટલા વર્ષોમાં આવું પહેલીવાર બન્યું છે. હાલની સ્થિતિએ એવું અનુમાન છે કે રાજ્યની વસતી ૬.૪૦ કરોડ થઈ છે જેની સામે મોબાઈલ ફોન ધારકોની સંખ્યા ૬.૮૭ કરોડ થઈ છે. એવું પણ બની શકે છે કે કેટલાક લોકો પાસે એક કરતાં વધુ મોબાઈલ કનેક્શન છે. રાજ્યમાં બીજી મહત્વની બાબત એવી સામે આવી છે કે જૂની મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ જેવી કે વોડાફોન-આઈડિયા અને એરટેલ કરતાં રિલાયન્સ જિયોના મોબાઈલ નંબરો વધારે છે. સસ્તી અને ઝડપી સર્વિસના કારણે રિલાયન્સ જિયોને દેશભરની જેમ ગુજરાતમાં પણ લોકોએ આવકાર્યું છે. માત્ર ત્રણ વર્ષમાં જિયોની લાઈફનો ગ્રાફ ઉંચો આવ્યો છે.